## “આપણું મોડાસા” પરિવારે મુકબધીર બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી

**દિવ્યાંગ બાળકોને કુમકુમ તીલક કરી મોં મીઠું કરાવ્યું**



ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયા નો કેટલાક દૂર ઉપયોગ કરતા હોય છે અને તેના પર પાબંધી લગાવવાની અનેકવાર બૂમો ઉઠી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયા થકી સેવાકીય પ્રવૃત્તિ કરતા “આપણું મોડાસા” પરિવાર દ્વારા દિવ્યાંગ બાળકો સાથે રક્ષા બંધનની ઉજવણી કરી હતી

અરવલ્લી જિલ્લા ના મોડાસા શહેર માં ચાલતું આપણું મોડાસા અરવલ્લી સોશીયલ મીડીયા ગ્રુપના સભ્યો દ્વારા વિવિધ સેવાકીય જનકલ્યાણ ની પ્રવૃત્તીઓ ચાલતી હોય છે, તે અંતર્ગત આજે રક્ષાબંધન પર્વની ઉજવણી મોડાસા શહેર માં આવેલ શ્રી વા.હી.ગાંધી, બહેરા મુંગા શાળા ના બાળકો જેઓ બોલી શકતા નથી અને કાને સાંભળી શકતા નથી તેવા બાળકો ને બહેનોએ રાખડી બાંધી ઉજવણી કરી અને આનંદ ની અભિવ્યક્તિ વ્યક્ત કરી હતી ત્યારે આ શાળાના કર્મચારી ફૂલીબેન જેઓ આ શાળામાં ફરજ બજાવે છે આવા દ્રશ્ય જોઈ બહેન ની આંખમાં આંસુ આવી ગયા ત્યારે તેમને પુછતા તેમને ભાઈ નથી તેવું જણાવતા ભાવ સભર દ્રશ્યો સર્જાયા હતા ત્યારે ઉપસ્થિત સૌના હર્દય માં ભાઈ બહેનના હેત નો ભાવ પ્રગટ થતા ઉપસ્થિત ભાઈઓ એ પોતાનો ધર્મ અદાકરી બહેન પાસે રક્ષાની માંગણી કરી રક્ષા સુત્રના બંધન થી બંધાયા હતા, આ પ્રસંગે આપણું મોડાસા અરવલ્લી સોશીયલ મીડીયા ગ્રુપના પ્રેરક ભગીરથભાઈ કુમાવત, નીતિન પંડયા, નીરજ શેઠ, કલ્પનાબેન ભાવસાર, દર્શનિકાબેન પટેલ, ચાર્મિબેન શાહ, હિરલબેન પંચાલ, નિશીતાબેન પંચાલ ,જય અમીન સાથે સંસ્થાના મંત્રી ભાવેશભાઈ જયસ્વાલ ઉપસ્થિત રહી અને રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરી હતી..

## મોડાસા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



મ.લા .ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ જી શાહ પ્રાથમિક વિભાગ શ્રી જે બી શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભર ભારતની ભાવના પ્રેરિત થાય તે હેતુથી શાળામાં પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરીને સ્વદેશી રાખડી બનાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો કાર્યક્રમનું સફળ સંચાલન મદદનીશ શિક્ષક જીજ્ઞાબેન જોશી તથા ઝાકીર ખાને કર્યું હતું આચાર્ય દીપકભાઈ મોદી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર મોદી તથા પ્રભારી મંત્રીશ્રી પરેશભાઈ બી મહેતાએ વિદ્યાર્થીઓમાં સ્વદેશી ભાવના જાગે તેમજ આત્મ નિર્ભર બને તે માટે વિદ્યાર્થીઓને શુભકામનાઓ અભિનંદન પાઠવ્યા હતા.

**વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં પણ યથાવત**

## પ્રાંતિજ સહિત તાલુકામાં રક્ષા બંધન પર્વની ધામધુમથી ઉજવાયો

**ભાઇ-બહેનો પ્રેમ એટલે રક્ષા બંધન પર્વ : બહેનો ભાઇને રાખડી બાંધી ભાઇના આયુષ્ય માટે દુઆ કરે છે**



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ રક્ષા બંધન ના પવિત્ર પર્વ ની ધરે ધરે ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તો બહેનો દ્વારા પોતાના ભાઈ ના આયુષ્ય માટે કપાળે તીલક કરી મોઢુ મીઠુ કરાવી ને જમણા હાથમાં રાખડી બાંધી હતી.

ભારતીય સંસ્કૃતિ માં અનેક તહેવારો આવે છે જેમાં રક્ષા બંધનનો પવિત્ર પર્વએ વિશેષ ગણવામાં આવે છે તો રક્ષા બંધન પર્વને લઈને જીલ્લા સહિત તાલુકામાં બહેનો દ્વારા પોતાના લાડકવાયા ભાઈઓના આયુષ્ય તથા ભાઈ સુખી સમપતી પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ સાથે બહેનો દ્વારા પોતાના ભાઈઓને જમણા હાથ ઉપર રાખડી ના પ્રતિક રૂપે રક્ષા પોટલી બાંધવામાં આવેછે અને ભગવાન પાસે તેના ભાઈ નુ આયુષ્ય સાથે ધન થી તથા તેના ભાઈનો પરીવાર હળ્યો ભર્યો રહે તેવી ભગવાન પાસે બહેનો પ્રાર્થના કરે છે તો ભાઈ ઓ પણ પોતાના મૃત્યુ સુધી બહેનની રક્ષા કરવાનું વચન આપતા હોય છે ત્યારે પહેલાં ના જમાનામાં સાડીના ટુકડા માંથી શરૂઆત થયેલ રક્ષા આજે યંત્ર યુગ માં ફેન્સી રાખડી ઓ સુધી પહોચી છે પણ સાડી નો ટુકડો હોય કે આજ ની આધુનિક રાખડી પણ ભાઈ બહેન ના સબંધો તો તેટલા જ ધનીષ્ઠ છે તેમાં કોઈ ફરક પડયો નથી માત્ર યંત્ર યુગ પ્રમાણે રાખડીઓ બદલાતી રહે છે પણ ભાઈ બહેનો પવિત્ર સંબધ આજે પણ અંકબંધ છે અને નાનાથી મોટી ઉમર ના સોર્વકોઈ પવિત્ર રક્ષા બંધન નો તહેવાર મનાવે છે અને બહેનો રાખડી બાંધી ને ભગવાન પાસે ભાઈ સુખ ની માગણી કરે તો બ્રાહ્મણો દ્વારા આજનો દિવસ પવિત્ર દિવસ હોવાથી શુભ મુહૂર્ત માં આજે જનોઈ બદલવામા આવે છે. ત્યારે યંત્ર યુગમાં પણ પવિત્ર રક્ષા બંધન ના પર્વ ની આજે પણ ધામધુમથી ઉજવણી થઈ

**જિલ્લાના તાલુકા મથકોમાં જલભરાવની સ્થિતિથી રહીશો હેરાન-પરેશાન**

# વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ખર્ચાયેલા કરોડો રૂપિયા પાણીમાં..!

**માત્ર એક ઈંચ વરસાદમાં પણ ઠેરઠેર પાણી ભરાવાથી હાલાકી**



બાયડ, તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તાર, તાલુકા મથકોમાં ચોમાસામાં પાણી ભરાવાની સ્થિતિથી રહીશો હેરાન પરેશાન બની ગયા છે. સામાન્ય એક ઈંચ વરસાદમાં પણ શહેરી વિસ્તારની સોસાયટીઓ તેમજ જાહેર રસ્તાઓ ઉપર પાણીનો ભરાવો થતો હોવાથી પાણીના નિકાલ માટે ખર્ચાયેલા કરોડો રૂપિયા પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લાના શહેરી વિસ્તારોનો કુદકે ને ભુસકે વિકાસ થઈ રહયો છે શોપીંગ સેન્ટરો તેમજ રહેણાંક વિસ્તારોની સોસાયટીઓની સંખ્યામાં પણ વધારો થયા પછી ચોમાસામાં વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થતો ન હોવાથી સ્થાનિક રહીશો માટે ચોમાસુ ઉપાધિરૂપ બની ગયું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, ઈડર, પોશીના સહિતના તાલુકાના મથકોમાં ગટરલાઈન માટે સરકારની ગ્રાન્ટમાંથી કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે પરંતુ ચોમાસામાં વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થતો ન હોવાથી સ્થાનિક પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે.

શહેરી વિસ્તારોમાં તો એક ઈંચ વરસાદ વરસે તો પણ જાહેર રસ્તાઓ ઉપર ઘુંટણ સમા પાણી ભરાઈ જતાં હોવાથી હાલાકી ઉભી થાય છે. રાજય સરકાર દ્વારા વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે પાલિકા વિસ્તારોના સ્થળોએ યોગ્ય ગટર વ્યવસ્થા થાય તે માટે ગ્રાન્ટફાળવી હતી પરંતુ તેનું યોગ્ય આયોજન થયું ન હોવાથી ચોમાસામાં ઠેરઠેર પાણી ભરાઈ રહેવાની સ્થિતિના કારણે રહીશો તો ઠીક પરંતુ વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહયા છે. સામાન્ય વરસાદમાં પણ પાણીનો યોગ્ય નિકાલ થતો નથી. ચોમાસા પૂર્વે શહેરી વિસ્તારોમાં ગટરની સાફસફાઈ માટેના મોટા દેખાડા કરવામાં આવ્યા હતા પરંતુ વરસાદના આરંભ સાથે ગટર વ્યવસ્થાની પોલ ખુલી ગઈ છે.

**મેઘરાજાની દે.. ધનાધનથી ધરતી જળતરબોળ**

# ઉત્તર ગુજરાતમાં ગત વર્ષ કરતાં સીઝનનો ૩૫ ટકા વધુ વરસાદ

**બનાસકાંઠા જિલ્લામાં મોસમનો સૌથી વધુ ૭૬ ટકા, મહેસાણામાં સૌથી ઓછો ૫૯ ટકા વરસાદ નોંધાયો : હવે વરસાદના ખમૈયા થાય તે માટે ખેડૂતોની પ્રાર્થના**



ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની દે.. ધનાધનથી ૪૭ તાલુકા પૈકી મોટાભાગના તાલુકાઓમાં ધરતી જળતરબોળ બની છે. ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં ગત વર્ષ કરતાં આ વર્ષે સીઝનનો ૩૫ ટકા વધુ વરસાદ વરસ્યો છે. જળાશયોમાં ધારણા કરતાં પાણીની ઓછી આવક નોંધાઈ છે. કેટલાક વિસ્તારોમાં અવિરત વરસાદના કારણે ખેતી ઉપર સંકટ ઉભું થતાં ખેડૂતોએ વરસાદના ખમૈયા માટે પ્રાર્થના કરી છે. ઉત્તર ગુજરાતમાં આ વર્ષે મોસમનો સરેરાશ ૬૬.૯૧ ટકા વરસાદ વરસ્યો છે. ગત વર્ષે માત્ર ૩૧.૯૧ ટકા વરસાદ નોંધાયો હતો. બનાસકાંઠા જિલ્લામાં મોસમનો સૌથી વધુ વરસાદ ૭૬.૨૫ ટકા તો મહેસાણામાં સૌથી ઓછો ૫૮.૯૩ ટકા વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે સામાન્ય ચોમાસાની આગાહી કર્યા પછી જૂન મહિનાના અંતમાં વરસાદની ૨.૫ ટકા ઘટથી સર્વત્ર ચિંતા છવાઈ હતી. પરંતુ જુલાઈ અને ત્યારપછી ઓગસ્ટ મહિનામાં વરસાદની સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્માં સતત હાજરી જોવા મળી હતી. અવિરત વરસાદના કારણે ઉત્તર ગુજરાતના જે તાલુકાઓ ચોમાસામાં દુષ્કાળગ્રસ્ત રહેતા હતા તેવા તાલુકાઓમાં કુદરતે જળબંબાકારની સ્થિતિ લાવી દીધી હતી. ગત વર્ષે નબળા ચોમાસાના કારણે ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં સરેરાશ ૩૧.૯૧ ટકા વરસાદ વરસ્યો હતો. પરંતુ આ વર્ષે તાલુકાના જિલ્લાઓમાં કુદરતે અપાર હેત વરસાવતાં ગત વર્ષની સરખામણીએ સરેરાશ ૩૫ ટકા વધુ વરસાદ વરસ્યો છે. સારા વરસાદના કારણે બોરકૂવા રીચાર્જ થવાની સાથે પાણીના તળ ઉંચા આવ્યા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારો જે ભુતકાળમાં ડાર્ક ઝોનમાં હતા તે વિસ્તારોમાં પણ પાણીનાં તળ ઉંચા આવતાં ખેડૂતોમાં દિવાળી જેવો હરખ જોવા મળી રહયો છે.

**ઉત્તર ગુજરાતમાં વરસાદની ટકાવારી**

| જિલ્લો | સરેરાશ વરસાદ | ગત વર્ષનો વરસાદ |
|---|---|---|
| સાબરકાંઠા | ૬૯.૩૨ ટકા | ૨૯.૯૩ ટકા |
| અરવલ્લી | ૬૧.૫૨ ટકા | ૨૨.૪૯ ટકા |
| પાટણ | ૬૮.૫૩ ટકા | ૪૧.૮૧ ટકા |
| બનાસકાંઠા | ૭૬.૨૫ ટકા | ૨૮.૩૯ ટકા |
| મહેસાણા | ૫૮.૯૩ ટકા | ૩૬.૯૩ ટકા |

## મંદિર ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ દ્વારા પૂજારીઓને સૂચન કરાયું

ધાનેરા તા.૧૦

મંદિર ચોરીના બનાવો અટકાવવા માટે ધાનેરા પોલીસ ઈન્પેકટર ડી વી ડોડીયા તેમજ તેમના સ્ટાફ દ્વારા આજે ધાનેરાના શહેરી વિસ્તારમાં આવેલા મામાબાપજી મંદિર અંબાજી મંદિર સહીત તમામ મંદિરોની મુલાકાત લેવામાં આવી હતી. મંદિરના પુજારીઓ વિવિધ પ્રકારનું સૂચન પણ આપવામાં આવ્યું હતું . ધાનેરા પીઆઈ ડી વી ડોડિયાએ જણાવ્યું હતું કે, મંદિરોની સુરક્ષા અને સલામતી અનુસંધાને મંદિરોની વિઝીટ કરવામાં આવી છે. દાન પેટીની રકમ દર પંદર દિવસે સેફ ડિપોઝિટમાં મુકવા માટે વિનંતી કરવામાં આવી તથા સોના ચાંદીના દાગીના સેફ લોકરમાં મુકવા જણાવવામાં આવ્યું સીસીટીવી કેમેરા લગાડવા સિક્યુરિટી કે વોચમેન રાખવા શંકાસ્પદ જણાય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જાણકારી અને સમજ આપવામાં આવી હતી.

## ધાનેરા ખાતે ભાજપાની સદસ્યતા નોંધણી

ધાનેરાની કે આર આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ભારતીય જનતા પાર્ટી સદસ્યતા નોંધણી કાર્યક્રમ યોજાયો જેમાં લોકો મિસકોલ કરી ભારતીય જનતા પાર્ટીના સભ્ય બનવા માટે સમજ આપી હતી અને મોટી સંખ્યામાં યુવાનો મિસકોલ કરી ભારતીય જનતા પાર્ટીના સદસ્ય બન્યા હતા .આ કાર્યક્રમમાં જગદીશભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનેરામાં આખલાઓના ત્રાસ વધારો

ધાનેરામાં ઝઘડતા આખલા ક્યારેક લોકોને ઈજા પહોંચાડે છે તો ક્યારેક વાહનો ભાગે છે અને વેપારીઓની દુકાનમાં ઘૂસી જાય છે. આખલાઓના આતંકથી ધાનેરા વાસીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ધાનેરા શહેરી વિસ્તારમાં દિન પ્રતિદિન આખલાના આતંક સામે આવી રહ્યા છે. જાહેર રસ્તા પર આખલાઓ બાંખડતા અન્ય લોકોને નુકસાન વેઠવાનો વારો આવે છે. ક્યારેક લોકો અડફેટે આવી જાય છે તો ક્યારેક વાહનો આવે છે તો ક્યારેક તો આખલાઓ જ દુકાનમાં ઘૂસી જાય છે. જેથી કરીને દુકાનદારો તેમજ લોકોને નુકસાન વેઠવાનો વારો આવે છે. સમગ્ર બાબતને લઈ ધાનેરાના લોકો દ્વારા સ્થાનિક તંત્રને રખડતા ઢોર બાબતે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે છતાં કોઈ જ યોગ્ય નિરાકરણ ન લાવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## "નિતીશકુમાર પણ ગોલ્ડ મેડલ જીત્યા"

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?**

બાયડ તા.૧૧

દીકરાનું સગપણ વારંવાર તૂટતું હોય ત્યારે દીકરાના બાપે હોશિયારીથી આગોતરા નવા વેવાઈ શોધી લેવા જોઈએ... કદાચ આ વિષય અઘરો જરૂર લાગતો હશે પણ જો તમારી જોડે નિતીશકુમાર જેવા ગુરુ હોય તો આ વિષય ખૂબ સરળ બની જાય... બિહારની મુખ્યમંત્રીની ખુરશીને ફેવિકોલ લગાવીને રાજકારણ રમતા નિતીશકુમાર આ રાજકીય રમતમાં ગોલ્ડ મેડલના પાકા દાવેદાર કહેવાય!! બે ચાર વર્ષે રાજકીય વેવાઈઓ જોડે સગપણ તોડતા અને બખૂબીથી એના એજ જુના વેવાઈઓ જોડે નવેસરથી સગપણ જોડતા નિતીશકુમાર આજે ભારતભરમાં ચર્ચામાં છે.

લાલુ પરિવાર જોડે સરકાર રચી ખુરશી ઉપર બેઠા અને ચાર વર્ષ પછી પાછા ભાજપ જોડે ગઠબંધન કર્યું પણ ખુરશી તો પોતાની જોડે જ!! સમય આવ્યો અને એવું લાગ્યું કે ભાજપ જોડે જામે એવું નથી એટલે રાતોરાત છૂટાછેડા... પણ, હોશિયારી તો એટલી કે ભાજપ જોડે છૂટાછેડા કરે તે પહેલાજ "રાજદ" જોડે ભૂતકાળમાં ગાળાગાળી કરીને સગપણ તોડ્યું હોવા છતાંય નવેસરથી વેવાઈ થઈ ગયા !! બોલો હવે તમે જ કહો કે રાજકીય રમતમાં ગોલ્ડ મેડલ તો નિતીશકુમારને જ મળવો જોઈએને??

નિતીશકુમારની આ આખી રમત ભાજપ ચુપચાપ જોઈ રહ્યું હતુ પણ કોઈ શબ્દ ઉચ્ચાર્યો નહિ!! નિતીશકુમારને એવું હતું કે હું ભાજપને છેતરું છું અને ભાજપને ખબર પણ ના પડી.... પણ ભાજપના સિંહ-વાઘને નિતીશકુમારના મનમાં થયેલા કેન્સરની ગંધ આજથી બહુ પહેલાજ આવી ગઈ હતી અને સિંહ ક્યારેય આવો કેન્સરગ્રસ્ત શિકાર કરતો નથી ત્યારે આપણા નરેન્દ્રભાઈ પણ ક્યાં સિંહથી ઓછા છે?? નિતીશકુમાર એવું માનીને ખુશ થતા હશે કે મેં નરેન્દ્રભાઈ અને અમિતભાઈને છેતર્યા પણ દિલ્હી બેઠા બેઠા આ બંને મહાનુભાવો મનોમન હરખાય છે કે હાશ.... વગર મહેનતે રોગ ગયો!! નિતીશકુમાર જેવા મહત્વકાંક્ષી નેતા જોડે ભાજપે વધુ આગળ ના વધવું જોઈએ એ આ બન્ને નેતાઓ સારી રીતે જાણતા હતા પરંતુ સામેથી સંબંધ બગાડવા માંગતા નહોતા અને નિતીશકુમાર ચુપચાપ છૂટાછેડા લઈને ભાગી ગયા એટલે તેઓ જરાય નારાજ પણ નથી એવું મને ભાજપના આ પ્રમુખ નેતાઓની બોડી લેંગ્વેજ ઉપરથી લાગી રહ્યું છે!!

ભાજપ માટે અત્યારે એવો સમય છે કે ભારતભરમાં ભાજપ માટે એક સારી ઈમેજ બની છે અને નિતીશકુમાર જેવા કોઈ નેતાઓ કે પક્ષ કે જેઓ ભાજપના સાથીદાર હતા તેઓ સિદ્ધાંત વિરુદ્ધ જવાની મુરાદથી સંબંધ તોડવા માંગતા હતા ત્યારે તેમાં ભાજપને નુકસાન કરતા ફાયદો વિશેષ હતો. નિતીશકુમારના પક્ષ માટે છેલ્લી ત્રણ ચુંટણીઓના પરિણામ જોતા એવું લાગે છે કે તેમનો બિહારમાં જનાધાર સતત ઘટતો જ રહ્યો છે... ઘટતા જનાધાર પછી પણ નિતીશકુમારનું ઘમંડ ઘટવાને બદલે વધતુ જોવા મળી રહ્યું હતું અને તેમણે ચાલાકી નહિ પણ મૂર્ખામીથી ભાજપ જોડે છેડો ફાડયો છે તે ઉપરથી એવું લાગે છે કે નિતીશકુમાર બહૂજ જલ્દીથી સૂર્યાસ્ત તરફ જઈ રહ્યા છે... જે હોય તે પણ રાજકીય સગપણ કરવામાં નિતીશકુમાર ગોલ્ડ મેડલ જીતી ગયા!!

## ઉત્તર ગુજરાતમાં આસ્થા-ઉમંગ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

**વીરાનું મોં મીઠું કરાવી બહેનોએ રાખડી બાંધી દિર્ઘાયુની પ્રાર્થના કરી**

બાયડ, તા.૧૧

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધન પર્વની ગુરૂવારે સમગ્ર સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં આસ્થા-ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઘરમાં દેવમંદિર સમક્ષ ભાઈને કુમ કુમ તિલક કરી તેની અને પરિવારની રક્ષાની પ્રાર્થના સાથે બહેનોએ રક્ષાકવચ(રાખડી) બાંધી ત્યારે અનેક પરિવારોમાં બહેનના આગમનના કારણે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક સુખી-સંપન્ન ભાઈઓએ રક્ષાબંધન પર્વ નિમિત્તે બહેનને મકાન, વાહન, વાસણ, સોનાના દાગીના સહિતની ભેટ-સોગાદ આપી બહેનના દિલના આશીર્વાદ મેળવ્યા હતા. જ્યારે શ્રાવણી પુનમના દિવસે ઉત્તર ગુજરાતના હજારો ભૂદેવોએ જૂની જનોઈ ઉતારી વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નવી જનોઈ ધારણ કરતાં સામૂહીક દ્રશ્યોએ ઉત્તર ગુજરાતમાં ઋષિમૂનિઓની જૂની પરંપરાને યાદ કરાવી હતી. જ્યારે ગાયત્રી પરિવારના તમામ ભાઈ-બહેનોએ જનોઈ બદલી હતી.



બહેનોએ પ્રાણપ્રિય ભાઈઓના ત્યાં પહોંચી જઈ રાખી ધાગો કા ત્યૌહાર..રાખી કે ઈક ઈક ધાગે મેં બંધા હુઆ હૈ ભાઈ-બહન કા પ્યાર..સૂત્રને પરીપૂર્ણ કરાયું હોય તેમ સવારથી રક્ષાબંધનનો તહેવાર ઉજવવાની શરૂઆત થઈ ગઈ હતીઉત્તર ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી જ એકબીજાને રક્ષાબંધનના આપ-લેના શુભેચ્છા શરૂ થયા હતા.

## અરવલ્લી જીલ્લામાં રક્ષાબંધનની શ્રધ્ધાભેર ઉજવણી

**નારિયેળી પૂનમે પૂજા-અર્ચના સાથે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલી**

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાંજ તહેવારોના કારણે વાતાવરણ ભક્તિમય બની જાય છે આ માસમાં આવતા તહેવારોનું ઘણું મહત્વ રહ્યું છે જેમાં ભાઈ-બહેન ના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધનનું અનોખું મહત્વ છે બહેન ભાઈ ઉપર કોઈ સંકટ ન આવે તેના રક્ષણ માટે રાખડી બાંધીને પ્રાર્થના કરે છે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધામધૂમ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી બહેનોએ શુભમુહર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવાર થીજ અબાલ વૃદ્ધ સૌકોઈ માં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો બહેનોએ ભાઈઓ માટે બજાર માં મળતી અવનવી યથાશક્તિ મુજબ રાખડીઓ ખરીદી હતી બાળકોમાં લાઈટ અને કાર્ટૂનવાળી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી શુભમુહર્તમાં બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધી હતું ત્યારબાદ ભાઈ પત્નીને પણ નણંદોએ રાખડી બાંધી હતી રક્ષાબંધનમાં કેટલાક મુસ્લિમ ભાઈઓના ઘરે હિન્દૂ બહેનો અને મુસ્લિમ બહેનોએ હિન્દૂ ભાઈઓને ત્યાં રાખડી લઈ રક્ષાબંધનની ભાવપૂર્વક ઉજવણી થતા કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. શ્રાવણ માસની નારિયેળી પૂનમ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે અને જનોઈ બદલાતા હોય છે



મોડાસાના ઓધારી મંદિર ખાતે રક્ષાબંધનના પવિત્ર દિવસે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલવાની વિધિ યોજી હતી જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણોએ પોતાની જનોઈ પવિત્ર શ્લોક ઉચ્ચારણ અને પૂજા અર્ચન સાથે નવી જનોઈ ધારણ કરી હતી સમૂહ જનોઈ બદલવાની વિધિ એકલંજી મિત્ર મંડળ દ્વારા યોજી હતી જેમાં મોટી સંખ્યામાં મોડાસા સહીત જીલ્લાના બ્રાહ્મણો જોડાયા હતા